
# Veer Narmad
# South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter


Vol.2, Issue. 20, January 2020


For Private Circulation Only






આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ

Dr. Shivendra Gupta
Vice-Chancellor



## યુનિવર્સિટી ન્યૂઝ

### ૪૭મો ત્રણ દિવસીય યુવક મહોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૪૭માં ત્રણ દિવસીય યુવક મહોત્સવનો પ્રારંભ તા. ૧૦/૦૧/૨૦૨૦ના રોજ યુનિવર્સિટીના પ્રાંગણમાં કરવામાં આવ્યો હતો. યુવક મહોત્સવનું ઉદ્ઘાટનના મુખ્ય અતિથિ તેમજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર શ્રી મુનાફ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, ઈ.ચા.કુલસચિવ શ્રી ડૉ. રાજેન્દ્ર પટેલ, યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી પોલ ડેવીડ ઉપસ્થિત હતા. યુવક મહોત્સવની શરૂઆત દીપપ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીતથી કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર શ્રી મુનાફ પટેલનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્નથી સન્માન કર્યુ હતું. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ કહ્યું કે, શ્રી મુનાફ પટેલના જીવનમાંથી આજની યુવા પેઢીએ પ્રેરણા લેવી જોઈએ. સંઘર્ષનું નામ જીવન છે. હાર અને જીત એ જીવનનો ભાગ છે. તેમણે વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૧ના ક્રિકેટ વિશ્વ કપમાં શ્રી મુનાફ પટેલ દ્વારા રમાયેલ રમતની પ્રશંસા કરી અને તેમનું ૧૪૦ કિલોમીટર પ્રતિકલાકની સ્વિંગ બોલીંગનો ઉલ્લેખ કરતા કહ્યું કે શ્રી મુનાફ પટેલ ક્રિકેટમાંથી નિવૃત થયા છે પરંતુ આજેય ઘણા યુવાનોને ક્રિકેટની તાલીમ આપી રહ્યા છે. ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ યુનિવર્સિટીના ૪૭માં યુવક મહોત્સવ રાજયનો સૌથી મોટો યુવક મહોત્સવ છે એવું કહ્યું છે. આ મહોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓને દરેક પ્રકારની સુવિધા આપવામાં આવશે.

ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્ર પટેલે ઉપસ્થિત સદસ્યો અને વિદ્યાર્થીઓનું સ્વાગત કરી તેમના પ્રવચનમાં તેમણે શિક્ષણની સાથે યુવક મહોત્સવમાં ભાગ લઈ પોતાની પ્રતિભા વિકસાવવાના હેતુથી આવેલા વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.

પ્રાસંગિક ઉદ્બોધનમાં મુખ્ય મહેમાન શ્રી મુનાફ પટેલે પોતાની ક્રિકેટ યાત્રામાંથી વિશેષ પ્રસંગોના ઉદાહરણ આપ્યા અને કહ્યુ હતું કે, "કિશોર અવસ્થામાં હું સ્કુલમાં અભ્યાસ સાથે ફેકટરીમાં કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. ક્રિકેટમાં મને રસ હતો એટલે હું રોજ વડોદરા ૧૪૦ કિ.મી.ની મુસાફરી કરતો હતો. "યુનિવર્સિટીના રમત–ગમત ક્ષેત્રના વિકાસ માટે શ્રી મુનાફ પટેલે પોતાના સહયોગની વાત કરી હતી અને વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો હતો કે તેમણે રમત–ગરત સાથે શિક્ષણને પણ એટલુ જ મહત્વ આપવું જોઈએ. રમતવીર હંમેશા માનસિક રીતે શકિતશાળી હોય છે અને તે કોઈ પણ પરિસ્થિતિમાં નિરાશ થતો નથી કે આત્મહત્યા કરતો નથી. ત્યારબાદ યુવક મહોત્સવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટર શ્રી મુનાફ પટેલ ખુલ્લો મુકયો હતો.

કાર્યક્રમના અંતે યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી પોલ ડેવીડે આભારવિધિ કરી. કાર્યક્રમમાં યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિવિધ કોલેજના આચાર્યો, યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધ્યક્ષ, પ્રોફેસર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ યુવક મહોત્સવમાં પાદપૂર્તિ, એકાંકી નાટક, નવલિકા લેખન, સમૂહ ગીત, સમૂહ નૃત્ય, હળવું કંઠય સંગીત, શાસ્ત્રીય નૃત્ય, હસ્તકળા, શિઘ્ર ચિત્ર સ્પર્ધા, શાસ્ત્રીય વાદ્ય સંગીત, શાસ્ત્રીય કંઠયસંગીત, એકપાત્રીય અભિનય, ગરબા અને કાવ્ય પઠન જેવી સ્પર્ધાઓ થશે. ઉદ્ઘાટન સમારંભ પહેલા કળાયાત્રાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ જેટલી કોલેજોએ ભાગ લીધો હતો. આ કળાયાત્રા યુનિવર્સિટીના પર્વમંચથી શરૂ થઈ કન્વેનશન હોલ સુધી કાઢવામાં આવી હતી. આ યાત્રામાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભારતની સંસ્કૃતિ તથા સમાજની સાંપ્રત સમસ્યાઓ ઉજાગર કરતી કૃતિઓ જેવી કે વ્યસનમુકિત, સ્ત્રી સશસ્ત્રીકરણ, સ્ત્રી શકિત, ઘરેલુ હિંસા, પક્ષી બચાવો, ગો ગ્રીન, ભારતીય અવકાશ અભિયાન, ભારતીયતાનું ગર્વ, ગાંધી જન્મજયંતી, ભારતીય સંસ્કૃતિ, યુગાંતર, બાળપણની રમતો, ટેકનોલોજીનો દુરુપયોગ જેવી થીમ પર પ્રદર્શન કર્યુ. યુવક મહોત્સવનો 'વિજયશ્રી' પારિતોષિક વિતરણ સમારંભ તા. ૧૨/૦૧/૨૦૨૦ના રોજ કરવામાં આવ્યો છે.










STOP
DOMESTIC VIOLENCE
DOMESTIC VIOLENCE






PROUD
TOBEAN
INDIAN




વીર નર્મદ
દક્ષિણ ગુજરાત
યુનિવર્સિટી, સુરત




V.T. Poddar Commerce College




વીર નર્મદ
દક્ષિણ ગુજરાત
યુનિવર્સિટી, સુરત
૪૭મો
યુવા મહોત્સવ
તા. ૧૦-૧૧-૧૨ જાન્યુઆરી ૨૦૨૦






યુવા મહોત્સવ
VNSGU




વીર નર્મદ
દક્ષિણ ગુજરાત
યુનિવર્સિટી, સુરત




## ૪૭મા ત્રિદિવસીય યુવક મહોત્સવનો વિજયશ્રી પારિતોષિક વિતરણ કાર્યક્રમ, 'નમો ઈ– ટેબલેટ' વિતરણ સમારંભ અને સ્વામી વિવેકાનંદની જંયતીની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ૪૭મા ત્રિદિવસીય યુવક મહોત્સવનો વિજયશ્રી પારિતોષિક વિતરણ કાર્યક્રમ, નમો ઈ–ટેબલેટ વિતરણ સમારંભ અને સ્વામી વિવેકાનંદની જંયતીની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટી પરિસરમાં ભવ્ય સમારંભનું આયોજન તા. ૧૨/૦૧/૨૦૨૦ના રોજ યુનિવર્સિટીના પરિસરમાં કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટર અને પૂર્વ ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન શ્રી દિલીપ વેંગસરકર મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. કુલપતિ શ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, કુલસચિવ શ્રી ડૉ. રાજેન્દ્ર પટેલ અને યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી પોલ ડેવીડ મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા ૧૪ સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાને આવેલ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્ર પટેલે સભામાં અતિથિઓ અને વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. અને કહ્યું કે ભાગ લેનાર વિદ્યાર્થીઓએ આ યુવક મહોત્સવમાં મહેનત કરી વિજય મેળવ્યો છે.

કુલપતિ શ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું કે, શ્રી દિલીપ વેંગસરકર ખરા અર્થમાં જેન્ટલમેન છે અને એમના જેવો કોઈ ક્રિકેટર નથી અને તેઓ કર્નલ ઓફ ક્રિકેટ છે. એમની દરેક મેચનો આનંદ મેં માણ્યો છે. વર્ષ ૧૯૭૯માં મારી ક્રિકેટ પર લખાયેલ પુસ્તક "પાકિસ્તાન'સ ટુર ઓફ ઈન્ડિયા" પર શ્રી દિલીપ વેંગસરકરે ઓટોગ્રાફ કર્યો હતો તેમજ બીજા બધા ખેલાડીઓ જેવા કે ચેતન ચૌહાણ, કપિલ દેવ અને સુરિન્દર અમરનાથનો ઓટોગ્રાફ પણ મેળવી આપ્યો હતો.

મુખ્ય અતિથિ શ્રી દિલીપ વેંગસરકરે વિદ્યાર્થીઓને સંબોધતા પોતાના પ્રાંસગિક વ્યકતત્વમાં કહ્યું કે, વ્યકિતને જીવનમાં ઓછી તકો મળે છે એટલે જે તકો મળે છે તે ઝડપી લઈ પોતાની ક્ષમતા સાબિત કરવી જોઈએ. ગુજરાત રાજયનું ભારતીય ક્રિકેટમાં ઘણુ યોગદાન રહ્યું છે. પાર્થિવ પટેલ અને ઈરફાન પઠાન જેવા ખેલાડીઓ આપ્યા છે માટે ગુજરાત સાથે મારા નજીકના સંબધ છે. હું બોમ્બે ક્રિકેટ ટીમનો જ્યારે કેપ્ટન બન્યો ત્યારે મને મારી ક્ષમતાની જાણ થઈ અને જયારે મે સ્કોર બુકમાં સ્કોર લખ્યો ત્યારે મને વિશ્વાસ બેઠો કે હું ૧૦૦ રન કરી શકુ છું. એમને ખુશી વ્યકત કરી કે કુલપતિ શ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા રમત–ગમતમાં અને ક્રિકેટમાં ઘણી રૂચી લે છે. ક્રિકેટની દુનિયામાં પોતાના અનુભવોની વાત કરતા એમણે કહ્યું કે વિરાટ કોહલી અને સચિન તેંડુલકર ભારતીય ક્રિકેટ સૃષ્ટીના ખરા રત્નો અને સર્વોતમ બેટ્સમેન છે. તેઓ હંમેશા ફીટ રહે છે અને માનસિક રીતે પણ મજબૂત છે. તેમણે વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે રમતગમત એ જીવનનો મહત્વ પૂર્ણ ભાગ છે માટે હંમેશા રમત–ગમતમાં ભાગ લેવો જોઈએ અને વિદ્યાર્થીઓને અભિનંદન કરી શુભેચ્છા આપી હતી.

યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી પોલ ડેવીડે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિવિધ કોલેજના આચાર્યો, યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધ્યક્ષો, પ્રોફેસર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. યુવક મહોત્સવમા યુનિવર્સિટીના ૧૧૦ કોલેજોમાંથી ૪૩૦ વિદ્યાર્થીઓ અને ૧૧૦૨ વિદ્યાર્થીનીઓ મળીને કુલ ૧૫૩૨ વિદ્યાર્થીઓએ ૧૪ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.
























## ૪૭ મો યુવક મહોત્સવ (તા.૧૦,૧૧,૧૨ જાન્યુઆરી ૨૦૨૦) પરિણામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ૪૭મો યુવક મહોત્સવની વિવિધ કૃતિઓનું પરિણામ નીચે મુજબ છે.

**કળાયાત્રા:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | I Proud to be an Indian<br>વિવેકાનંદ કોલેજ, સુરત. |
| દ્વિતીય | 1. Anti-Addiction<br>ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, વી.એન.એસ.જી.યુ.,સુરત<br>2. Women Empowerment with stop crime against Women<br>આર.વી.પટેલ એન્ડ વી.બી.શાહ કોમર્સ કોલેજ, છાપરાભાઠા. |
| તૃતીય | Women Empowerment<br>ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી, વી.એન.એસ.જી.યુ., સુરત. |
| પ્રોત્સાહન | 1. Stop Domestic Violence<br>ડિપાર્ટમેન્ટ ઓફ લો, વી.એન.એસ.જી.યુ., સુરત.<br>2. Indian Space.<br>એસ. એ. એસ. સી. એમ. એ., કોલેજ. |

**Group Dance:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ, ધરમપુર. |
| દ્વિતીય | ૧. શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ.<br>૨. ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોનગઢ. |
| તૃતીય | ૧. કે.બી. એસ. કોમર્સ કોલેજ, વાપી.<br>૨. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત. |
| પ્રોત્સાહન | ૧. ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, આહવા.<br>૨. ઝેડ એફ વાડીયા, સુરત. |

**Classical Dance:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ (કુચીપુડી) | એમ.ટી.બી.આર્ટસ કોલેજ,સુરત.<br>Sr.No.72, Performance No: 21 |
| દ્વિતીય (કથ્થક નૃત્યશૈલી) | અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મીડીયમ કોલેજ, સુરત.<br>Sr.No.38, Performance No: 12 |
| તૃતીય (ભરત નાટ્યમ્) | વનીતા વિશ્રામ કોલેજ ઓફ કોમર્સ, સુરત.<br>Sr.No.6, Performance No: 1 |

**Classical Vocal Music:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | સી.એન.કોઠારી હોમિઓપેથિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા. |
| દ્વિતીય | નર્મદા કોલેજ, ઝાડેશ્વર. |
| તૃતીય | સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત. |

**Light Vocal Music:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | સાંજ પહેલાની<br>સી.એન.કોઠારી હોમિઓપેથિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા. |
| દ્વિતીય | ૧. સખી મારો સાયબો<br>નારણલાલા ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશન, નવસારી.<br>૨. વીજવાદળ<br>સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત. |
| તૃતીય | ૧. થોડો વગડાનો શ્વાસ<br>એસ.ડી.જે.ઈન્ટરનેશનલ કોલેજ,વેસુ.<br>૨. ખુશ્બુમાંથી વેલી<br>એસ.પી.બી.ઈંગ્લિશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.<br>૩. આંખોમાં બેઠેલા ચળક<br>ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોનગઢ. |

**Classical Instrument Music:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | એમ.ટી.બી આર્ટસ કોલેજ, સુરત. |
| દ્વિતીય | ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસ.સી આઈ.ટી.,<br>વી.એન.એસ.જી.યુ., સુરત. |
| તૃતીય | વી.એસ.કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>બીલીમોરા. |

**Handicraft:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | યશ પરમાર<br>કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રો. સાયન્સ કોલેજ, વાપી. |
| દ્વિતીય | સતીશ દેવઘરીયા<br>સુરેશ મહેતા કોલેજ. |
| તૃતીય | સોનવને વૈશાલી બી.<br>સરકારી વિનિયન એન્ડ વાનિજ્ય કોલેજ, આહવા ડાંગ. |
| પ્રોત્સાહન | ૧. પ્રજાપતિ તન્વી કે.<br>વિવેકાનંદ કોલેજ, બી.બી.એ., સુરત.<br>૨.ચૌહાણ માનસી પી.<br>એસ.બી.ગાર્ડા આર્ટ્સ કોલેજ,નવસારી. |

**On the Sport Painting:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | ગામીત સેફાલી અશ્વિનભાઈ<br>ગવર્મેગ સાયન્સ કોલેજ, સોનગઢ. |
| દ્વિતીય | કનેરિયા હીના ફોગલાલ<br>એસ.બી.ગાર્ડા કોલેજ, નવસારી. |
| તૃતીય | પૂજા એચ. ટંડેલ<br>શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ. |
| ચતુર્થ પ્રોત્સાહન વિજેતા | યાદવ સંદીપ<br>શ્રી સી.જે.પટેલ વરિયાવ, સુરત. |

**Poetry Recitation:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી, વી.એન.એસ.જી.યુ., સુરત |
| દ્વિતીય | ૧. પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી.<br>૨. એમ.ટી.બી આર્ટસ કોલેજ, સુરત. |
| તૃતીય | ૧. વી.ટી.ચોક્સી સર લો કોલેજ ઓફ કોમર્સ, સુરત.<br>૨. વનીતા વિશ્રામ વુમન કોલેજ ઓફ કોમર્સ, સુરત. |

**Completion of Poetry:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | પટેલ કિશન બલવાનભાઈ<br>એમ.ટી.બી આર્ટસ કોલેજ,સુરત. |
| દ્વિતીય | સિંધ કામિની સુરેશ<br>કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રો. સાયન્સ કોલેજ, વાપી. |
| તૃતીય | ૧.શાહ શ્વેતા સુનિલ, નવયુગ કોમર્સ કોલેજ, સુરત.<br>૨. એહમેદનૂર એમ.મુનસુરી. નવયુગ આર્ટ્સ કોલેજ,સુરત. |

**One Act Play:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | આઈ વોન્ટ ટુ ટ્વીટ<br>નારાણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એ. સાયન્સ, નવસારી. |
| દ્વિતીય | ૧. ઈડિપસ, જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત.<br>૨. મુલાકરમ<br>એસ.પી.બી.ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. |
| તૃતીય | ૧. મધર<br>ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટ્સ, વી.એન.એસ.જી.યુ., સુરત.<br>૨. આષઠ કા એક દિન<br>ઝેડ એફ વાડિયા વિમેન્સ કોમર્સ કોલેજ, સુરત. |

**Group Song:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | અમે આંધી વચ્ચે<br>એસ.પી.બી.ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. |
| તૃતીય | ૧. સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત<br>૨. સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત<br>૩. એમ.ટી.બી કોલેજ ઓફ આર્ટસ, સુરત. |

**Garba:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | જે. ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી. |
| દ્વિતીય | ૧. કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રો. સા. કોલેજ, વાપી.<br>૨. ઝેડ એફ વાડિયા વિમેન્સ કોમર્સ કોલેજ, સુરત. |
| તૃતીય | ૧. શ્રી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ.<br>૨. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત. |
| પ્રોત્સાહન | ૧. ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, વી.ન.દ.ગુ.યુ., સુરત<br>૨. એસ.પી.બી.ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. |

**Mono Acting:**

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | પટેલ ક્રિષ્ના જીતેન્દ્રભાઈ<br>જે. ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી. |
| દ્વિતીય | વૈદ્ય ભૂમી<br>નારાણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એ. સાયન્સ, નવસારી. |
| તૃતીય | શાહ રીયા જયેશભાઈ,<br>એમ.ટી.બી કોલેજ ઓફ આર્ટસ, સુરત. |

### Short Story Writing:

| વિજેતા | વિષય/વિદ્યાર્થી/કોલેજનું નામ |
|---|---|
| પ્રથમ | કૌસ્તુભ ભટ્ટાડ<br>સી.બી.પટેલ કોમ્પ્યુટર કોલેજ એન્ડ જે.એન.એમ. પટેલ સાયન્સ કોલેજ, ભરથાણા. |
| દ્વિતીય | ચૌધરી ભાર્ગવકુમાર મહેદ્રભાઈ<br>પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી. |
| તૃતીય | ચિખલીયા પૂજા મુકેશભાઈ<br>વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ., સુરત. |



### C.C.Mehta Prize:

### Best Actor (Male):

| ક્રમ | પાત્રનું નામ | નાટક | કલાકાર | કોલેજનું નામ |
|---|---|---|---|---|
| ૧ | મન્ટો | મન્ટો | શ્રી પંકજ સવાઈ | એમ.ટી.બી કોલેજ ઓફ આર્ટસ, સુરત. |
| ૨ | ઈડિપસ | ઈડિપસ | શ્રી દિપ ભિમાણી | જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. |





### Best Actor (Female):

| ક્રમ | પાત્રનું નામ | નાટક | કલાકાર | કોલેજનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ચિન્મયા | આઈ વોન્ટ ટુ ટ્વીટ | કુ. ભૂમિ વૈધ | નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એપ્લાઈડ સાયન્સ, નવસારી. |
| ૨ | મલ્લિકા | આષાઠ કા એક દિન | કુ. આરઝૂ વસૂવાળા | ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોમર્સ કોલેજ, સુરત. |











યુવા મહોત્સવ


યુવા મહોત્સવ




યુવા મહોત્સવ






વીર નર્મદ
દક્ષિણ ગુજરાત
યુનિવર્સિટી, સુરત


યુવા મહોત્સવ

## AISHE 2019–2020 તાલીમ કાર્યક્રમ

માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષઃ ૨૦૧૦–૧૧થી શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત વર્ષઃ ૨૦૧૯–૨૦૨૦ના સર્વે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ તેઓની કોલેજની માહિતી માટે DCF–II નિયત સમય મર્યાદામાં AISHEની વેબસાઈટ પર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધ નીતી–વિષયક નિર્ણયો/નીતી તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત DCF-IIમાં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અંત્યત જરૂરી છે. જેથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોડલ ઓફિસરો માટે જિલ્લા પ્રમાણે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જે સંદર્ભે ભરૂચ અને નર્મદા જિલ્લાનો તાલીમ કાર્યક્રમ તા. ૨૧/૦૧/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે તેમજ સુરત અને તાપી જિલ્લાનો તા. ૨૨/૦૧/૨૦૨૦ના સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક સુધી તથા નવસારી, વલસાડ, ડાંગ, જિલ્લાનો તાલીમ કાર્યક્રમ તા. ૨૨/૦૧/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ સુધી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

સુરત અને તાપી જિલ્લાનો તાલીમ કાર્યક્રમ યુનિવર્સિટી કેમ્પસ ખાતે તા. ૨૨/૦૧/૨૦૨૦ના રોજ એચ.આર.ડી. વિભાગના ચાણક્ય સેમિનાર હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. તાલીમ કાર્યક્રમ યુનિવર્સિટી પરિસર પ્રસંગે કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી નોડલ ઓફિસર શ્રી કે.એચ.ચિખલીયા દ્વારા યુનિવર્સિટી સંલગ્ન સુરત અને તાપી જિલ્લાનાં નોડલ ઓફિસરોને AISHEની કામગીરીના મૂલ્યાંકન તથા તેની અગત્યતા જણાવી હતી. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા નોડલ ઓફિસરોને ટેકનોલોજીથી માહિતગાર થઈ કાર્યદક્ષતામાં વધારો કરવા તથા AISHEની આંકડાકીય માહિતીની સરકારશ્રીને વિવિધ સ્તરે ઉપયોગીતા જણાવી હતી તથા સૌના સાથ–સહકારથી ઓલ ઈન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યક્ત કરી હતી. ઉપરાંત સદર માહિતી ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનો અનુરોધ કર્યો હતો. રાજ્યના AISHE Cellના સ્ટેટ નોડલ ઓફિસર શ્રી આર.કે.શાહ દ્વારા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત નોડલ ઓફિસરશ્રીઓને AISHEના વિવિધ પાસાઓની ઝીણવટભરી માહિતી આપી હતી.

તાલીમ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.








## ૪૭મો ત્રિદિવસીય ખેલકૂદ રમતોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં યોજાયેલ ત્રિદિવસીય ૪૭મા ખેલકૂદ રમતોત્સવ વિજયશ્રી સમારંભ તા. ૦૨ ફેબ્રુઆરીના દિવસે યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સમારંભમાં યુનિવર્સિટીના દસ નવા રેકોર્ડ બનાવવામાં આવ્યા હતા. જેમાં ત્રણ રેકોર્ડ બહેનોનાઃ લાંબી કૂદ, ટ્રિપલ જંપ અને ૧૫૦૦ મીટર દોડમાં છે. અને સાત રેકોર્ડ ભાઈઓના છે. ટ્રિપલ જંપ, ૧૫૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪×૧૦૦ મીટર રીલે, ૫૦૦૦ મીટર દોડ, ૪×૪૦૦ મીટર રીલે. ઉપરાંત વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને ૭૨ પોઈન્ટ મળ્યા હતા અને જનરલ ટીમ ચેમ્પિયનશીપ ટ્રોફી મેળવી હતી. તેમજ આરપીસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાની ખેલાડી ગામિત મયૂરીને ૨૦ પોઈન્ટથી ઈંડિવિજયુઅલ વુમન ચેમ્પિયનશીપ ટ્રોફી મળી હતી. વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુરના ખેલાડી

કામડી સુનિલને ૨૦ પોઈન્ટથી ઈંડિવિજયુઅલ મેન ચેમ્પિયનશીપ ટ્રોફી એનાયત થઈ હતી.

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ કહ્યું કે, રમતગમત દ્વારા વિદ્યાર્થીનું ચરિત્રનું સર્જન થાય છે. રમતગમતમાં રસ ધરાવતા દરેક વિદ્યાર્થીઓને એમણે બધી સુવિધાઓ ઉપરાંત અન્ય સહાય આપવાનું વચન આપ્યું હતું. આપણી યુનિવર્સિટી રમતગમત સંબધિત બે ડિપ્લોમા અભ્યાસક્રમો ટૂંક સમયમાં શરૂ કરશે. આ અભ્યાસક્રમોથી વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રમાં કારકિર્દીની તકો મળશે એવું એમણે કહ્યુ હતું. અંતમાં એમણે ત્રિદિવસીય રમતોત્સવના સફળ આયોજન માટે શ્રી પોલ ડેવીડ અને ઉપસ્થિત બધાને અભિનંદન આપ્યા હતા.

ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્ર પટેલે વિજયશ્રી સમારંભમાં બધાનું સ્વાગત કરતાં કહ્યું કે, ૧૪૦૦ ખેલાડીઓએ આ ત્રિદિવસીય કાર્યક્રમમાં ભાગ લઈ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યુ હતું. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડે ત્રિદિવસીય રમતોત્સવની માહિતી આપતા કહ્યું કે, ભાઈઓ માટે ૧૮ સ્પર્ધાઓ તેમજ બહેનો માટે ૧૭ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. દરેક સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમણે ઉમેર્યુ કે પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ "ખેલો ઈન્ડિયા" અને "ફીટ ઈન્ડિયા" અભિયાનની શરૂઆતથી ખેલાડીઓને પ્રોત્સાહન મળ્યું છે. આ રમતોત્સવમાં વિજેતા થયેલા રમતવીરોને આગામી દિવસોમાં યોજાનાર "ખેલો ઈન્ડિયા"માં ભાગ લેવાની તક મળશે. આપણી યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેનો પૂરો ઉપયોગ ખેલાડીઓએ કરવો જોઈએ.

અંતમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા રમતોત્સવને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.

## New University Record at 47th Athletics Meet (31st January to 02nd February 2020)

| No | Event | Name of Students | Name of College | Performance |
|---|---|---|---|---|
| 1 | Triple Jump (Men) | Khalasi Wilson | Evening Com. College, Surat | 13.52 mtrs. |
| 2 | 1500 Mts Run (Men) | Kamdi Sunil S. | Vanraj Arts & Com. College, Dharampur. | 4:10.41 Min |
| 3 | 400 Mtrs. Run (Men) | Padhar Sachin N. | Vanraj Arts & Com. College, Dharampur, | 51.57 Sec. |
| 4 | 5000 Mtrs. Run (Men) | Kamdi Sunil S. | Vanraj Arts & Com. College, Dharampur. | 15:55.27 Min |
| 5 | Long Jump (Women) | Ku. Mayuri Gamit | RPC Arts & Com. College Vyara . | 5.03 mtrs |
| 6 | Triple Jump (Women) | Ku. Mayuri Gamit | RPC Arts & Com. College ,Vyara. | 10.53 mtrs |
| 7 | 1500 mtrs. Run (Women) | Ku. Nagpure Monika M. | Udhna Citizen College, Surat. | 5:18.28 min |
| 8 | 4X400 Mtrs. Relay | Padher Sachin N.<br>Kamdi Sunil S.<br>Konkani Dharmesh V.<br>Gamit Dharmesh D. | Vanraj Arts & Com. College, Dharampur. | 3:32.24 Min |
| 9 | 200 Mtrs.Run (Men) | Padher Sachin N. | Vanraj Arts & Com. College, Dharampur. | 22.40 Sec. |
| 10 | 4X100 Mtrs. Relay | Padhar Sachin N.<br>Pawar Umesh G.<br>Konkani Dharmesh V.<br>Gamit Dharmesh D. | Vanraj Arts & Com. College, Dharampur. | 44.66 Sec. (In Semi Final) |


















## ૪૭મા ત્રિદિવસીય ખેલકૂદ રમતોત્સવના પરિણામો
## તા. ૩૧–૧–૨૦૨૦ અને તા. ૧–૨–૨૦૨૦

### DISCUS THROW ( MEN)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. |
|---|---|---|---|---|
| 1 | 670 | Kanojiya Manan B. | Sir K.P. Commerce College, Surat. | 24.51 |
| 2 | 62 | Konkani Dharmesh V. | Vanraj Arts & Com Dharmpur | 24.15 |
| 3 | 596 | Toraskar Satish S. | K.B.S. Comm College Vapi | 24.11 |

### LONG JUMP (GIRLS)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 1201 | Gamit Mayuri M. | RPC Arts & Com. College, Vyara . | 05.03 Mts (NMR) | 5 |
| 2 | 1202 | Bhilar Kanvika R. | RPC Arts & Com. College, Vyara | 04.67 Mts | 3 |
| 3 | 1040 | Naland Monali. | Govt. Arts & Com. College, Netrang. | 04.23 Mts | 1 |

### SHOT PUT(GIRLS)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 1247 | Chaudhari Vibhuti D. | RPC Arts & Commerce College, Vyara. | 8.45 Mts | 5 |
| 2 | 1283 | Upadhyay Riya V. | J.Z.Shah & H.P.D Arts & Commerce College, Amroli. | 7.73 Mts | 3 |
| 3 | 1294 | Parmar Dhara B. | PRB & PGR Arts & Science College, Bamroli. | 7.71 Mts | 1 |

### HIGH JUMP (BOYS)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 62 | Konkani Dharmesh V. | Vanraj Arts & Commerce College, Dharampur. | 1.68 Mts | 5 |
| 2 | 15 | Vasave Nikhil M. | Dept. of MRS, V.N.S.G.U., Surat. | 1.65 Mts | 3 |
| 3 | 244 | Patel Satish D. | Arts & Commerce College, Olpad. | 1.60 Mts | 1 |

### LONG JUMP (BOYS)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 731 | Khalasi Vilsan A. | Evening Commerce College, Surat. | 6.49 Mts | 5 |
| 2 | 592 | Chaudhari Ankit S. | KBS Commerce College, Vapi. | 6.38 Mts | 3 |
| 3 | 607 | Patel Semish D. | RPC Arts & Com. College, Vyara. | 6.22 Mts | 1 |

### 5000 M. RUN (BOYS)

| No. | Chest No. | Name of Students | Name of College | Sec. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 057 | Kamdi Sunil S. | Vanraj Arts & Com. College, Dharampur | 15:5 5:27 | 5 |
| 2 | 382 | Gamit Kishor R. | Govt. Arts & Com. College, Songadh. | 16:4 4:78 | 3 |
| 3 | 142 | Vasava Rakesh D. | B.B. Avichal Arts & Commerce College, Mandvi. | 17:3 3:86 | 1 |

### SHOT PUT (BOYS)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 144 | Patel Harsh V. | SASCMA Eng. Med. Com. College, Surat. | 10.8 9Mts | 5 |
| 2 | 263 | Salve Aditya M. | Dept. of Economics V.N.S.G.U.Surat. | 10.6 5Mts | 3 |
| 3 | 528 | Trivedi Himanshu R. | S.D.J. International College, Vesu, Surat | 9.92 Mts | 1 |

### HAMMER THROW(BOYS)

| No. | Chest No. | Name of Students | Name of College | Mtr. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 114 | Patel Harsh V. | SASCMA Eng. Med. Com. College, Surat. | 22.66 Mts | 5 |
| 2 | 235 | Singh Abhinav D. | GIDC R.S.ROFEL of Management, Vapi. | 18.91 Mts | 3 |
| 3 | 234 | Rai Deepak D. | GIDC R.S.ROFEL of Management, Vapi. | 17.54 Mts | 1 |

### 5000 M. RUN (GIRLS)

| No. | Chest No. | Name of Students | Name of College | Sec. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 1021 A | Gamit Krupa H. | Dept. of Economics V.N.S.G.U. Surat. | 20:5 8:47 | 5 |
| 2 | 952 | Chaudhari Priyanka K. | BBA Arts & Com. College, Mandvi. | 21:4 7:63 | 3 |
| 3 | 1035 | Vasava Rina G. | Nootan Gram Thava. | 22:1 6:87 | 1 |

### 1500 M. RUN. (GIRLS)

| No. | Chest No. | Name of Students | Name of College | Sec. | Point |
|---|---|---|---|---|---|
| 1 | 1253 | Nagpura Monika M. | UCCC Udhna, Surat. | 5:18-28 (NMR) | 13.5 |
| 2 | 1021 A | Gamit Krupa H. | Dept. of Economics V.N.S.G.U. Surat | 5:38 -98 | 13.5 |
| 3 | 1035 | Vasava Rina G. | Nootan Gram Thava. | 5:46 -77 | 13.5 |















## Department of Statistic

### Academic Visit

Student of M. Sc. (Statistics) Semester-IV, M. Sc. (Applied Statistics) Semester-IV and teaching staffs of Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat visited Junagadh Agriculture University, Junagadh on 4th January 2020. The Purpose of this visit was to enable students to relate their theoretical knowledge with the practical exposure which they gained after visiting this university. During this visit the students were exposed to statistical tools and techniques being used in plantation of crops by different design of experiments. Dr. S. M. Upadhaya, Professor and Head and Dr. D. V. Patel, Department of Agricultural Statistics, Junagadh Agriculture University, accompanied the students and explained them to the various strategies of plantation, crop selection, plowing, churning, selection and application of organic fertilizer, bio-pesticides and chemical formulations for various agricultural crops in different seasons. The students also seen that how efficient use of land can be made by using modern techniques with traditional practices that can build better agro-economy.



### "Women Harassment" : Lecture

An awareness program on "Women Harassment" was organized at Statistics Department, Veer Narmad South Gujarat University, Surat on 16th January 2020. The Program was a part of legal awareness program by Choryasi Taluka legal Cell Committee. The lecture was arranged to provide the information about various constitutional acts available in deferent fields. The specific objectives of the lecture was promoting awareness about Women Harassment in various areas of society. The seminar was attended by students and faculties of the department. The lecture was delivered by advocates Ms. Mona Pandya and Ms. Hetal Ramani.





## ભૌતિકશાસ્ત્ર વિભાગ

### વેસ્ટ બેંગાલ SET : ઓબ્ઝર્વર નિમણૂંક



કોલેજો અને યુનિવર્સિટીઓમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા માટે યુ.જી.સી દ્વારા National Eligibility Test (NET)ની પરીક્ષાઓ લેવામાં આવે છે. આ ઉપરાંત દરેક રાજ્યો પોતાનાં તાબા હેઠળની કોલેજો અને યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર માટે State Eligibility Test (SET) પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. પશ્ચિમ બંગાળના SETની પરીક્ષાઓ આયોજન વેસ્ટ બંગાલ કોલેજ સર્વિસ કમીશન દ્વારા કરવામાં આવે છે. પ્રથમ વખત આ પરીક્ષાઓ માટે બહારના રાજ્યનાં Observerની નિમણૂંક કરવામાં આવી હતી. આ માટે બ્યુરો દ્વારા માલદા કેન્દ્ર માટે યુનિવર્સિટના ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષશ્રી કિશોરભાઈ પોરીયાની નિમણૂંક કરવામાં આવી હતી. શ્રી કિશોરભાઈ પોરીયાએ સમગ્ર જીલ્લામાં આવેલાં કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લઈ જરૂરી ચર્ચા–વિચારણા કરી અને સુચનો કર્યા હતાં અને પરીક્ષાની પેટર્ન અને તેની આનુંષાંગિક બાબતો અંગે Service Commissionનું ધ્યાન દોર્યુ હતું. હાર્દિક અભિનંદન.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### મુલાકાત

૧. ઈન્ફર્મેશન અધિકારી, માહિતી અને પ્રસારણ વિભાગ, બહુમાળી, સુરતના શ્રી પરેશભાઈ ટાપણીયાએ તા. ૨૦/૧/૨૦૨૦ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે એક ટૂંકી મુલાકાત કરી રાજ્ય સરકાર દ્વારા જે માહિતી અંગેની પુસ્તિકા સ્વરૂપ બહાર પાડવામાં આવતી હોય છે તે અંગેની માહિતી વિના મૂલ્યે વિદ્યાર્થીઓને પૂરી પાડેલ હતી. અને હવે પછીના અંકો પણ સમયાંતરે પૂરા પાડવા અંગેની માહિતી આપેલ છે.

ગુજરાત સરકારના વિવિધ સોશ્યલ મીડિયા વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. ખાસ કરીને Facebook, Twitter અને Instagram પર સરકાર તરફથી રોજ અપડેટ માહિતી અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ રસ દાખવવામાં આવ્યો હતો.





૨. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યાપક સહાયક શ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા ગુજરાતી વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને તા. ૪/૨/૨૦૨૦ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલય અને રિસર્ચ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં ગ્રંથાલયના વિવિધ વિભાગો અને વિદ્યાર્થી વાચકો માટેની ગ્રંથાલયની સેવાઓ વિશે વિદ્યાર્થીઓએ પ્રાયોગિક સમજ મેળવી હતી.





## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### સ્વામી વિવેકાનંદ જયંતી (રાષ્ટ્રીય યુવા દિન) : ઉજવણી








જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૧–૦૧–૨૦૨૦ને શનિવારના રોજ સ્વામી વિવેકાનંદ જયંતી રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વામી વિવેકાનંદ કેન્દ્ર, સુરતના પ્રમુખ શ્રી રવિભાઈ સાનેપરા અને શ્રી નૈતિકભાઈ જૈન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શ્રી ધીરજભાઈ શર્મા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વિભાગ સંગઠન મંત્રી શ્રી રાહુલ ગોંડે સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર અંગે માર્ગદર્શન આપ્યુ હતું. કોલેજના આચાર્ય શ્રી ડૉ. કે.એન.ચાવડાએ વિદ્યાર્થીઓને આળસ છોડી પોતાના ધ્યેય હાંસલ કરવા પ્રોત્સાહીત કર્યા હતા. શરૂઆતમાં સ્વામી વિવેકાનંદને પુષ્પાજંલી અર્પણ કરી વ્યાખ્યાનનું આયોજન થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસરશ્રી ડૉ. રાજેશ ડી. રાણા, પ્રો. વિજય એમ. ચૌધરી, પ્રો. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રો. નેહાબેન ઉપાઘ્યાય તથા એન.એસ.એસ. સ્વયંસેવકોએ કર્યુ હતું.





### નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી : ઉજવણી

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૨૩–૦૧–૨૦૨૦ને ગુરૂવારના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૩મી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવનચરિત્રનો પરિચય કોલેજની વિદ્યાર્થિની કુ. દર્શના ટાંકાએ કરાવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. કે.એન.ચાવડાએ આઝાદીની ચળવળમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના યોગદાન વિશે વાતો કરી હતી. શરૂઆતમાં નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાજંલી અર્પણ કરી વ્યાખ્યાનનું આયોજન થયું હતું. સમગ્ર કાયક્રમનું સંચાલન પ્રિ.ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયાએ કર્યુ હતું. કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. રાજેશ ડી. રાણાએ નેતાજી સુભાષચંદ્ર બોઝે આપેલા વિવિધ નારાઓની આઝાદીની ચળવળમાં યોગદાન વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતું. કોલેજના વિદ્યાર્થીઓ અને એન.એન.એસ.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.







## પ્રજાસત્તાક દિન : ઉજવણી

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કોલેજ કેમ્પસ પર ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ને રવિવારના રોજ ૭૧મો પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૦૮:૩૦ કલાકે અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના નેતૃત્વ હેઠળ એસ.પી.બી. હાઈસ્કુલના આચાર્યા શ્રી કલ્પનાબેન દેસાઈ, બી.બી.એ. કોલેજના આધ્યાપક ડૉ. મહેન્દ્રભાઈ સોની, કોલેજના હેડ કલાર્ક શ્રી રમેશભાઈ ગામિત, એકાઉન્ટન્ટશ્રી દિલીપભાઈ માહ્યાવંશી અને હેડ પ્યુન શ્રી સનમુખભાઈ ગોહિલના વરદ્ હસ્તે ધ્વજવંદન થયુ હતું. આ પ્રસંગે જીવન જયોત ટ્રસ્ટના આદરણીય પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી ગૌરાંગભાઈ દેસાઈ, કારોબારી સભ્ય શ્રી ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી સ્નેહલભાઈ કે. શાહ અને ૬ ગુજરાત ગર્લ્સ Bn NCCના આદરણીય ઓફીસરશ્રી આર.કે.ઝા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ., બી.સી.એ. કોલેજના તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રો. ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, પ્રો.વી.એમ.ચૌધરી તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે NCC CTO ભારતી કે. વાઘ, અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓની રિર્પોટર કમાન્ડર પ્રિયંકા ગાંગાણી અને પરેડ કમાન્ડર મોનીકા ડોબરીયાની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડકરી હતી. ત્યારબાદ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ નૃત્ય તેમજ નાટક દ્વારા સ્વચ્છતા અભિયાન તેમજ સમાજમાં ફેલાયેલા કુરિવાજોની જાગૃતિ માટે વિવિધ કૃતિઓ રજુ કરી હતી. કોલેજ તથા શાળા પરિવારે સ્વછતા અભિયાન અંગે શપથ લીધા હતા. કાર્યક્રમને અંતે ઈનોવિઝન ૨૦૨૦ના વિજેતાઓને ૩૦૦થી વધુ ઈનામો આપવામાં આવ્યા હતા.





## શહીદ દિન : ઉજવણી

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૩૦–૦૧–૨૦૨૦ને ગુરૂવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શહીદ દિનની ઉજવણી કરવામાં આવી હતી. મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિવિધ શહીદો જેવા કે શ્યામજી કૃષ્ણ વર્મા, રામ પ્રસાદ બીસમિલ, ભગતસિંહ,

લાલા લજપતરાય, ચંદ્રશેખર આઝાદ, વીર વિનોદ કિનારીવાલા શહીદોને યાદ કરી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. જેમાં મહાત્મા ગાંધીના જીવનચરિત્રનો પરિચય કોલેજની વિદ્યાર્થીની કુ. દર્શના ટાંકએ કરાવ્યો હતો. કોલેજના આચાર્યાશ્રી ડૉ. કે.એન.ચાવડાએ આઝાદીની ચળવળમાં મહાત્મા ગાંધીના યોગદાન વિશે વાત કરી હતી. શરૂઆતમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલી અર્પણ કરી વ્યાખ્યાનનું આયોજન થયું હતું અને ૨ મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ.ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ કર્યુ હતું. કોલેજના વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.





## વર્લ્ડ કેન્સર ડે : સેમીનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૪–૦૨–૨૦૨૦ને મંગળવારના રોજ વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે શ્રી ભારતીમૈયા મેમોરીયલ ફાઉન્ડેશન–ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ સુરતના સહયોગથી કેન્સરજાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરત કેન્સર હોસ્પિટલના ડૉ. મિશલ શાહ, ડૉ. કુશ શાહ અને તેમની ટીમે કેન્સરના રોગ વિશે વિદ્યાર્થીઓ વિશે તેવા વિષય ઉપર કોલેજના કુલ ૪૫૦ વિદ્યાર્થીઓને માર્ગદશન આપ્યુ હતું. વધુમાં ડૉ. મિશલ શાહે કેન્સર કઈ રીતે ફેલાઈ છે અને તેના નિવારણ અંગે વાત કરી હતી. કોલેજના આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીઓને વ્યસનમુકત રહી આદર્શ જીવનચરિત્ર ઘડવા અપીલ કરી હતી. કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.વી.એમ.ચૌધરી અને પ્રા.જે.બી.ચૌધરીએ વિદ્યાર્થીઓ અને તેના વાલીઓને વ્યસનથી દુર રહેવાના શપથ લેવડાવી તંદુરસ્ત સમાજના નિર્માણ માટે આહવાન કર્યુ હતું. મહેમાનોનો પરિચય પ્રા. ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કરાવ્યો હતો. આભારવિધિ કોલેજની વિદ્યાર્થિની કુ. શિતલ વરિયાએ કરી હતી. કોલેજના શૈક્ષણિક અને વહીવટી કર્મચારી તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





## M.Phil.



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવતાં અનુજાબહેન જે. પટેલે તૈયાર કરેલા લઘુશોધ નિબંધ "અ સ્ટડી ઓન યુઝ ઓફ ડિજીટલ વોલેટ એન્ડ યુઝર્સ સેટિસ્ફેકશન ઈન સુરત સીટી"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતએ માન્ય રાખી તેઓને એમ.ફીલ.ની પદવી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય તેમણે અમરોલી કોલેજના એસોસિએટ પ્રોફેસર ડૉ. બળવંત એન. ઢીમરના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે. આ સિદ્ધિ મેળવી તે માટે તેમને અમરોલી કોલેજ પરિવાર, સંસ્થાના ટ્રસ્ટીગણ તેમજ સ્ટાફ મિત્રોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી.

### રમતોત્સવ

જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી દ્વારા ખેલો ગુજરાત વિચારધારા હેઠળ જે. કે. ક્રિકેટ ગ્રાઉન્ડ મોટા વરાછા ખાતે સ્પોર્ટસ મીટ ૨૦૧૯–૨૦ ત્રિ–દિવસીય (તા. ૧૮/૧૨/૨૦૧૯ થી તા. ૨૧/૧૨/૨૦૧૯) રમોતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત યોજાયેલ કબ્બડી, ખો–ખો, ગોળાફેંક, ૧૦૦–૨૦૦–૪૦૦ તેમજ ૮૦૦ મીટર દોડ, રીલે દોડ તેમજ ક્રિકેટ જેવી રમતોમાં કોલેજની વેબસાઈટ મારફતે કુલ ૧૪૨૬ વિદ્યાર્થીઓ અને ૩૧૩ વિદ્યાર્થીનીઓ એમ કુલ ૧૭૩૯ વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી, ઉત્સાહભેર ભાગ લીધો હતો. આવી પેપરલેસ કામગીરી પ્રા. ડૉ. વિરલ પોલીશવાલા તેમજ પ્રા. ડૉ. પ્રદીપકુમાર લેન્કા દ્વારા સફળતાપૂર્વક કરી શકાય હતી. મુખ્ય મહેમાન તરીકે અલગ અલગ શાળાના આચાર્યશ્રીઓ રમોતોત્સવની મુલાકાતે આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોલેજના સંચાલક મંડળ, ઈ.ચા.આચાર્ય ડૉ.મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફગણના સહકારથી સફળતાપૂર્વક યોજી શકાયો હતો. દરેક સ્પર્ધાના અંતિમ દિવસે વિજેતાઓને કોલેજ પરિવાર તરફથી પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.





### ZEAL–આંતરકોલેજ સ્પર્ધા

જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (અમરોલી), દ્વારા તા. ૬થી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સરસ્વતી વિદ્યાસંકુલ છાપરાભાઠા, અમરોલી મુકામે ZEAL–૨૦૨૦ અંતર્ગત મેનેજમેન્ટની કુશળતા વધારનારી વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. યુનિવર્સિટીની લગભગ ૪૦ જેટલી મેનેજમેન્ટ કોલેજોમાંથી ૩૨૫થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કુશળતા દર્શાવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, કો–ઓર્ડિનેટરશ્રી પ્રા.ડૉ.સ્વાતી મહેતા તેમજ કાર્યક્રમ કન્વીનર પ્રા.ડૉ. સુધા સામલ, પ્રા. સોએબ જીદાણી અને પ્રા.ડૉ.નીલેશ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફગણના સહકારથી સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. દરેક સ્પર્ધાના વિજેતાઓને કોલેજ પરિવાર તરફથી પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.








## MIND IT – આંતરકોલેજ સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ દ્વારા સંચાલિત સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા તા. ૮ જાન્યુઆરી ૨૦૨૦ના બુધવારે કોલેજ પટાંગણમાં MIND IT ૨૦૨૦ના અંતર્ગત આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ.ટી.–ઈન્ડસ્ટ્રીઝમાં આગળ વધવા માટે જે કૌશલ્યની જરૂર હોય તે બહાર કાઢવા માટેના પ્રયાસના ભાગરૂપે વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ૩૦ B.C.A. કોલેજના ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો હતો. દરેક સ્પર્ધાના વિજેતાઓને કોલેજ પરિવાર તરફથી પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોલેજના ઈ. ચા. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, કો–ઓર્ડિનેટરશ્રી પ્રા. ડૉ. જયમીન શુક્લા તેમજ કાર્યક્રમ કો–ઓર્ડિનેટર પ્રા. ડૉ. વિરલ પોલિશવાળા અને પ્રા. ડૉ. હિતેષ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફગણના સહકારથી સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.






## આંતરકોલેજ ગ્રંથ સમીક્ષા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન, અમરોલી દ્વારા તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ના આંતર કોલેજ ગ્રંથ સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો હતો. જે પૈકી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વિદ્યાર્થી સોલંકી જીગ્નેશ, જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોલેજ, અમરોલીની વિદ્યાર્થિની ડાંગોધરા મમતા અન સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન, અમરોલીની વિદ્યાર્થિની ધોરાજીયા હેન્સી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતા રહયા હતા. નિર્ણાયક તરીકે કીમ કોલેજના પ્રા.ડૉ.જગદીશ કંથારીયાએ સેવા બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ.મુકેશ ગોયાણી, બી.કોમ. કો–ઓર્ડિનેટરશ્રી પ્રા. ધરિત નાયક અને પ્રા.ડૉ.તન્વી ભાલાલાના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. જીગ્નેશ વાઘેલા, પ્રા.ભાવેશ પચ્ચીગર તથા કોલેજના ગ્રંથપાલશ્રી સોનલ ભારતી દ્વારા કરવામાં આવ્યું હતું.






## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની બી.કોમ. અને બી.બી.એ.ની ૫૦ વિદ્યાર્થિનીઓ માટે અદાણી ફાઉન્ડેશનનું ઉડાન પ્રોજેક્ટ અંતર્ગત કરિયર ગાઈડન્સ સેલ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ ભણતરની સાથે સાથે ઈન્ડસ્ટ્રીઝની આંતરિક કામકાજના સંબંધમાં સમજ પૂરી પાડવાના ઉદ્દેશથી હઝીરા સ્થિત "અદાણી હજીરા પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ"ની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થિનીઓને અદાણી પોર્ટના પ્રોજેક્ટ ઓફિસર શ્રી દિનેશ દેવગનિયા દ્વારા અદાણી પોર્ટ્સ જે ભારતનો સૌથી વ્યાપક, વ્યસ્ત અને અદ્યતન કાર્ગો–

હેન્ડલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ વ્યાપારી બંદર છે એના વિષે માહિતી પૂરી પાડી હતી અને જણાવ્યું હતું કે અદાણી બંદરો સુકા, લિકિવડ અને ક્રૂડથી માંડીને વિવિધ કાર્ગોને સંચાલિત કરવા માટે પણ સજ્જ છે. એમણે વિદ્યાર્થિનીઓને પોર્ટ પર ૩૬૫ દિવસ અને ચોવીસ કલાક થતી કામગીરી જેમકે આધુનિક ક્રેન્સ દ્વારા થતું કાર્ગો ઈવેકયુએશન, શીપ લોડીંગ–અનલોડિંગ, ઈમ્પોર્ટ–એક્સપોર્ટ સુવિધા તથા સિકયુરિટી સિસ્ટમની સમજણ પૂરી પાડી હતી.

તમામ વિદ્યાર્થીઓએ ઉજવળ તક આપવા બદલ અદાણી પોર્ટના અધિકારીઓનો આભાર વ્યકત કર્યો હતો. આ વિઝીટનું સંચાલન પ્રા.નંદા બોથરા અને પ્રો.સંગીતા શ્રીવાસ્તવે કર્યું હતું.




## "બીઈંગ હ્યુમન વીક–ડોનેશન વીક" : ઉજવણી

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજના એન.એસ.એસ.યુનિટની વિદ્યાર્થિનીઓ દ્વારા સપ્તધારાના સેવા સમુદાય ધારા તથા એન.એસ.એસ. યુનિટ અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ નવમું 'બીઈંગ હ્યુમન વીક–ડોનેશન વીક'નું આયોજન સમાજના ગરીબ, નિરાધાર અને જરૂરીયાતમંદ લોકોને જીવન નિર્વાહ માટે અત્યંત જરૂરી એવી સામગ્રી પૂરી પાડવાની સાથે શિક્ષણ અને કુપોષણ જેવા વિષયો અંગે પ્રેરિત કરવાના આશયથી કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ દિનસહાયક વિદ્યામંદિરના વિદ્યાર્થિનીઓને 'સેવ બર્ડ'નો સંદેશો આપી સ્વખર્ચે ભેગા કરેલા તલના લાડુ, ચીકકી વગેરેના ૧૦૦ જેટલા પેકેટ્સની વહેંચણી કરી હતી તથા ૮૦૦ જેટલા બિસ્કીટસના પેકેટ્સનું વિતરણ સિવિલ હોસ્પિટલમાં કર્યુ હતું. ૭૫ પ્રસાધન સામગ્રીની કીટ્સ, ૫૦ નોટબુક–પેન અને ૫૦ સ્ટેશનરી કીટ્સનું ડોનેશન ભરથાણા સ્થિત એસ.એમ.સી. સંચાલિત શ્રી નંદશંકર મહેતા પ્રાથમિક શાળામાં કરી હતી. ૨૦ જેટલી સ્લેટ–પેનનું વિતરણ વેસુ સ્થિત આંગણવાડીના ગરીબ વર્ગના બાળકોને કર્યું હતું. તદુપરાંત ૧૫ કિલો દાળ–ચોખાનું વિતરણ અલથાણ કેનલ રોડના ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોને કરવામાં આવ્યું હતું. તેમજ સાડી, વુલન અને જુના કપડાનું વિતરણ પણ કન્સ્ટ્રકશન સાઈટસના મજૂરોને કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ સ્વખર્ચે ભેગી કરેલી સામગ્રી વહેંચીને માનવીય મુલ્યો પ્રેરિત આ પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ દ્વારા કોલેજની વિદ્યાર્થિનીઓએ સમાજના નીચલા વર્ગના લોકોને સહાયરૂપ થવાનો એક સુંદર પ્રયાસ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ક્રિષ્ના દેસાઈ અને એન.એસ.એસના કો–ઓર્ડીનેટર પ્રા. અનામિકા તલસેરા તથા એન.એસ. એસ.ની વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું છે.












## સ્વામી વિવેકાનંદ જન્મજયંતી : ઉજવણી

વનિતા વિશ્રામ, સુરત સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં તા. ૧૩/૧/૨૦૧૯નાં રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદજીના જીવન અને ચરિત્ર પર ડોકયુમેન્ટરી ફિલ્મ 'સાઉન્ડ ઓફ જોય' બતાવી પેનલ ડિસ્કશન કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્ર–નિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. આ ડોકયુમેન્ટરીમાં તેમણે માત્ર ભારત જ નહી પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ જે ચીરંજીવી અને અમીટ છાપ છોડી છે તે દર્શાવવામાં આવ્યું હતું. પ્રા.અનીતા અનામિકા તલેસરાએ સ્વામી વિવેકાનંદજીના જીવનચરિત્ર વિશે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિદ્યાર્થિનીઓ સાથે ચર્ચા કરી હતી. તેમજ વિદ્યાર્થિનીઓએ સ્વામી વિવેકાનંદજીના જીવન કાર્ય પર પ્રવચન આપ્યું હતું. જેમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના જીવનમાં વિવેકાનંદજીનાં જીવનનાં સિઘ્ધાંત અપનાવવાની શપથ પણ લીધી હતી. કાર્યક્રમનું સંચાલન કોલેજના એન.એસ.એસ. યુનિટના કો–ઓર્ડીનેટર પ્રા. અનીતા અનામિકા તલેસરા દ્વારા કરવામાં આવ્યું હતું.





## આંતર કોલેજ પાવર લીફટીગ સ્પર્ધા : બ્રોન્ઝ મેડલ

વનિતા વિશ્રામ, સુરત સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની એસ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. ખુશ્બુ ચંદારાણાએ, નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગ દ્વારા આયોજિત આંતર કોલેજ પાવર લીફટીગ (મહિલા) સ્પર્ધામાં ૮૪ કિગ્રા વજન ગૃપમાં સ્કોટ–૫૫ કિગ્રા, બેંચ પ્રેસ–૩૫ કિગ્રા અને ડેડ લીફટ ૮૫ કિગ્રા લીફટ કરીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યુ હતું. આ સ્પર્ધામાં સાઉથ ગુજરાતની ૭ જેટલી કોલેજની ૨૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સિઘ્ધિ પ્રાપ્ત કરવા બદલ કોલેજના આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલ, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરા, સમગ્ર કોલેજના સ્ટાફ તથા મેનેજમેન્ટના સભ્યોએ વિજેતા વિદ્યાર્થિનીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.






## ઓપન નેશનલ ટેકવોન્ડો સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ સ્વર્ણ પદક

કર્ણાટકા ટેકવોન્ડો ફેસ્ટીવલ અંતર્ગત બેંગલુર ટેકવોન્ડો એકેડેમી દ્વારા ઓપન નેશનલ ટેકવોન્ડો સ્પર્ધા કોરમંગલા ઈન્ડોર સ્ટેડીયમ બેંગલુર ખાતે તા. ૮–૧–૨૦૨૦ થી તા. ૧૨–૧–૨૦૨૦ દરમ્યાન યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૧૮ રાજયના ખેલાડીઓએ વિવિધ વેઈટ કેટેગરીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની એફ.વાય. બી.બી.એ.માં અભ્યાસ કરતી કુ. રાજવી માસ્ટરે ૫૯ કિગ્રા વેઈટ કેટેગરી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાષ્ટ્રીય કક્ષાએ સ્વર્ણ પદક પ્રાપ્ત કર્યો હતો.

કોલેજ, સુરત શહેર અને ગુજરાત રાજયનું ગૌરવ વધારવા બદલ કુ. રાજવી માસ્ટરને મેનેજમેન્ટના સભ્યોએ, આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે, શારિરીક શિક્ષણના

વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરાએ તથા સમગ્ર સ્ટાફના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.





## ૪૭મા યુવક મહોત્સવ અંતર્ગત શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં વિજેતા

તા. ૧૦–૧–૨૦૨૦ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ૪૭મા યુવક મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ યુવક મહોત્સવમાં શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં વિભિન્ન કોલેજો અને અનુસ્નાતક વિદ્યાશાખાના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની ટી.વાય.બી.બી.એ.માં અભ્યાસ કરતી કુ. હેતા પટેલે શાસ્ત્રીય નૃત્ય– કથ્થકમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યો હતો. આ સિધ્ધી પ્રાપ્ત કરી કોલેજનું અને સંસ્થાનું ગૌરવ વધાર્યુ તે બદલ તેમને કોલેજના આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, સમગ્ર કોલેજના સ્ટાફ તથા મેનેજમેન્ટના સભ્યોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.







## જોબ ફેર

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં ઉદીશા અંતર્ગત કરીયર ગાઈડન્સ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા કોલેજની વિદ્યાર્થિનીઓ માટે કોલેજના કેમ્પસમાં કોલેજની વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ માટે જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જોબ ફેરમાં શહેરની જાણીતી ૧૦ કંપનીઓ તેમજ ઈન્સ્ટીટ્યુટ જેમ કે આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, બેંક એડજ, એકાઉન્ટિંગ બાબા, સરિતા સંકુલ ટ્રસ્ટ, મેલ્ગો, બિગ બાઝાર, ફર્સ્ટ ઈ.આર.પી.સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ, ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન એન્ડ ટેકનોલોજી (I.D.T.), તથા સેવેન સ્ટારના રિપ્રેઝન્ટેટિવે પાર્ટ ટાઈમ અને ફૂલ ટાઈમ જોબ માટે વિદ્યાર્થિનીઓના ઈન્ટરવ્યુ લીધા હતા. વિદ્યાર્થિનીઓને વ્યવસાયિક ક્ષેત્ર જેવા કે એકાઉન્ટીગ, ઓડીટ તથા જી.એસ.ટી., બેક ઓફીસ, ફ્રન્ટ ઓફીસ, ગ્રાફિક ડીઝાઈનીગ, માર્કેટિંગ, પબ્લિક રીલેશન્સ અને ટીચિંગ માટે રૂા. ૬,૦૦૦/– થી રૂા. ૧૫,૦૦૦/– સુધીની જોબ ઓફર થઈ હતી. લગભગ ૧૨૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા. જેમાંથી ૫૦ વિદ્યાર્થિનીઓને જોબ માટે શોર્ટલીસ્ટ કરવામાં આવ્યું હતું.

'લર્નિગ સાથે અર્નિગ'નાં હેતુથી આ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરીઅર ગાઈડન્સ અને પ્લેસમેન્ટ સેલના કોર્ડીનેટર પ્રા.નંદા બોથરાએ કર્યુ હતું.






## લાઈબ્રેરી વીક : ઉજવણી

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાના જ્ઞાનધારા અંતર્ગત કોલેજની લાઈબ્રેરી કમિટી દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી વીકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સપ્તાહ અંતર્ગત ડી.બી.આઈ.એમ.ના માર્કેટિંગ વિષયના પ્રોફેસર ડૉ. મનીષા પાનવાલા દ્વારા 'ધ બોસ' પુસ્તકની સમીક્ષા કરવામાં આવી હતી. એમણે વિદ્યાર્થિનીઓને ખુબ વાંચવા અને સર્જનાત્મક રીતે વિચારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થિનીઓમાં રહેલી પ્રતિભા વિકસાવવા માટે જુદા જુદા દિવસે ઈન્ટર કલાસ બુક રીવ્યુ, નિબંધ અને કાવ્ય પથન સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પાંચમા દિવસે વિદ્યાર્થિનીઓને લાઈબ્રેરી વિષે પ્રેકિટકલ નોલેજ આપવાના ઉદ્દેશથી વી.એન.એસ.જી.યુ.ની સેન્ટ્રલ લાઈબ્રેરીની વિઝીટ ગોઠવવામાં આવી હતી. યુનિવર્સિટી ગ્રંથાલયના લાઈબ્રેરીયન ડૉ.બી.જે.અંકુયાએ તમામ વિદ્યાર્થિનીઓને ગ્રંથાલયના વિવિધ વિભાગો વિશે માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ ઉપરાંત છેલ્લા દિવસે વિદ્યાર્થિનીઓએ એસ.એમ.સી. દ્વારા આયોજિત "Vidhya 2020" પુસ્તક મેળાની વિઝીટ કરી હતી. 'લાઈબ્રેરી વીક' ઉજવવાનો હેતુ વિદ્યાર્થિનીઓમાં ગ્રંથાલય પ્રત્યે રૂચિ કેળવવાનું તથા વાચન માટે પ્રોત્સાહિત કરવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાયબ્રેરીયન શ્રી શિવાંગ મહેતા અને લાઈબ્રેરી કમિટીના સેક્રેટરી ડૉ. નેહા રાવલે કર્યુ હતું.











## 'પ્રોત્સાહન ૨૦૨૦' : સ્પર્ધાઓ

૧. બી.આર.સી.એમ. કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, સુરત દ્વારા આયોજીત આંતર કોલેજ 'ઉત્કર્ષ' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઈવેન્ટની ફેસ પેઈન્ટીગ સ્પર્ધામાં વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કું. ધારા રાણાએ દ્વિતીય સ્થાન અને એફ.વાય.બી.કોમની વિદ્યાર્થિની કુ. સેજલ રાણપુરાએ તૃતીય સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાર્યુ હતું.

તે બદલ કોલેજના આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, સમગ્ર કોલેજના સ્ટાફ તથા મેનેજમેન્ટના સભ્યોએ વિજેતા વિદ્યાર્થિનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.




૨. ભગવાન મહાવીર યુનિવર્સિટીના કોમર્સ અને મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા આંતર કોલેજ 'પ્રોત્સાહન ૨૦૨૦' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની વિદ્યાર્થિનીઓ વિભિન્ન સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિવિધ ઈવેન્ટસમાં વિજેતા થઈ હતી. મેકઅપ સ્પર્ધામાં એસ.વાય.બી.બી.એ.ની કુ.શીલ કોઠારીએ પ્રથમ સ્થાન, હેયર સ્ટાઈલ સ્પર્ધામાં ટી.વાય.બીકોમ.ની વિદ્યાર્થિની કુ. રાધા માટલીવાલાએ પ્રથમ સ્થાન, મહેંદી સ્પર્ધામાં એસ.વાય.બીકોમ.ની કુ.ઋતા દવેએ પ્રથમ સ્થાન, નેઈલ આર્ટ સ્પર્ધામાં એસ.વાય.બી.બી.એ.ની કુ. પ્રિયંકા ગોટીએ પ્રથમ ઈનામ અને ટી.વાય.બીકોમ.ની કુ. તનવી જાદવે દ્વિતીય ઈનામ પ્રાપ્ત કર્યુ હતું. તદ્ઉપરાંત રંગોળી સ્પર્ધાની ટીમ ઈવેન્ટમાં એસ.વાય.બી.બી.એ.ની કુ. કાજોલ બારોટ અને કુ.શાંતિ પાલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ હતું.

તે બદલ કોલેજના આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, સમગ્ર કોલેજના સ્ટાફ તથા મેનેજમેન્ટના સભ્યોએ વિજેતા વિદ્યાર્થિનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.




## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### સ્ટુડન્ટ સ્ટાટ અપ ઈનોવેશન પોલિસી (SSIP): વ્યાખ્યાન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરામાં તા. ૧૮–૦૧–૨૦૨૦ના શનિવારના રોજ સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન પોલિસી (SSIP) વિષય પર માર્ગદર્શન આપતું માહિતીસભર વ્યાખ્યાન યોજાયું હતું. સંસ્થાના સુકાની પ્રિ.ડૉ.કિશોરભાઈ આર.નાયકના દિશા સૂચનથી બી.એડ.માં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ માટે આ માર્ગદર્શન યુકત વ્યાખ્યાન યોજાયું હતું. ડૉ. ફાલ્ગુનીબેન વાંસીયાએ ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાટ અપ ઈનોવેશન પોલિસી (SSIP) યોજના અને તેના હેતુઓથી માહિતગાર કર્યા હતાં. તાલીમાર્થીઓને Ola, Flip Cart, Oyo, Zomato, Paytm, Snapdeal જેવા જાણીતા થયેલાં સ્ટાર્ટ અપ વિષે જણાવવામાં આવ્યું હતું. આ સાથે જ તાલીમાર્થીઓને ગુજરાત કેડરના IAS અધિકારી અને Higher and Technical Educationના Principal Secretary અંજુ શર્માજીનો (SSIP) અંગે પ્રેરક સંદેશો દર્શાવતી વિડીયો કિલપ બતાવવામાં આવી હતી અંતે તાલીમાર્થીઓને તેમના નવ વિચારોને વાસ્તવિક સ્વરૂપ આપીને વ્યવસાય શરૂ કરવા અંગે આહવાન કરવામાં આવ્યું હતું.

### 'સ્વચ્છતા પખવાડિયું' : ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે MHRD દિલ્હી તથા KCG ગુજરાત દ્વારા સૂચિત તા. ૧૬/૧/૨૦૨૦ થી તા. ૩૧/૧/૨૦૨૦ દરમ્યાનના 'સ્વચ્છતા પખવાડિયા' અંતર્ગત પ્રથમ દિવસે આચાર્યશ્રી, અધ્યાપકો અને તાલીમાર્થીઓ સૌએ સાથે મળીને સંસ્થા, કોલેજ, ઘર, મહોલ્લો/શેરી, ગામ, શહેર, આંગણું સ્વચ્છ રાખવા માટે સમૂહમાં 'સ્વચ્છતા શપથ' લીધા હતા. તા. ૧૭/૧/૨૦૨૦ના રોજ તાલીમાર્થીઓ પોતાના ગામમાં જઈને વિવિધ વનસ્પતિના રોપાઓનું વાવેતર કર્યુ હતું. તા. ૧૮/૧/૨૦૨૦ ઉર્જાપ્રાપ્તિ/સંરક્ષણ/પાણી બચાવોના સંદર્ભમાં તાલીમાર્થીઓને આ વિષયને લગતી દરસ્તાવેજી ટુંકી ફિલ્મનું નિદર્શન કરાવવામાં આવ્યું. ત્યારબાદ આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે તે ફિલ્મની સમીક્ષા કરી માર્ગદર્શન પુરું પાડયું હતું. તા. ૨૦/૧/૨૦૨૦ના રોજ સ્વચ્છતાને કેન્દ્રસ્થ વિષય તરીકે રાખી 'સ્વચ્છતા: શારીરિક, માનસિક અને પર્યાવરણીય' વિષયક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તા. ૨૧/૧/૨૦૨૦ના રોજ સમગ્ર કોલેજ, કેમ્પસની સફાઈ કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આચાર્યશ્રી, અધ્યાપકો, તાલીમાર્થીઓ તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ સૌ કોઈએ પોતાની પવિત્ર ફરજ સમજી ઉત્સાહભેર આ સફાઈરૂપી યજ્ઞમાં જોડાયા હતા. તા. ૨૨/૧/૨૦૨૦ના રોજ 'પાણી સંરક્ષણ' વિષયને ધ્યાનમાં રાખી 'સ્લોગન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩/૧/૨૦૨૦ના રોજ 'પાણી સંરક્ષણ–સંચય અને સ્વચ્છતા' સંદર્ભે કોલેજના પ્રાધ્યાપક ડૉ. કિરીટભાઈ ચૌહાણ દ્વારા તાલીમાર્થીઓને માર્ગદર્શન આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૪/૧/૨૦૨૦ના રોજ સ્વચ્છતા સંદર્ભે પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે 'સ્વચ્છતાનો સૂક્ષ્મ અર્થ' વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું. તા.૨૪/૧/૨૦૨૦ના રોજ 'સ્લોગન સ્પર્ધા', તા. ૨૫/૧/૨૦૨૦ના રોજ હોસ્ટેલ સફાઈ, તા. ૨૭/૧/૨૦૨૦ના રોજ Best out of Waste સ્પર્ધા, તા. ૨૮/૧/૨૦૨૦ના રોજ પાણી જોડાણોનું નિરીક્ષણ, તા. ૨૯/૧/૨૦૨૦ના રોજ કોલેજ નજીક આવેલ ગામની મુલાકાત, તા. ૩૦/૧/૨૦૨૦ કોલેજમાં 'સ્વચ્છતા અભિયાન' અંગેના અહેવાલનું વાંચન તા. ૩૧/૧/૨૦૨૦ના રોજ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર પખવાડિયુંનું સુચારું આયોજન અમલીકરણ પ્રા. ડૉ. કિરીટભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.

## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### આર્ચરીબહેનોની યુનિવર્સિટી ટીમ : પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આર્ચરીબહેનોની ટીમની પસંદગી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે યોજાઈ હતી. જેમાં નવયુગ સાયન્સ કોલેજની ટી.વાય.બી.એસસી. સેમેસ્ટર–૫ની વિદ્યાર્થિની પટેલ સંજના અને એફ.વાય.બી.એસસી. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થિની પટેલ અમી આર.ની યુનિવર્સિટીની આર્ચરીબહેનોની ટીમમાં પસંદગી પામ્યા હતા. ઓલઈન્ડિયા આંતર યુનિવર્સિટી આર્ચરીબહેનોની સ્પર્ધા કે.આઈ.આઈ.ટી. યુનિવર્સિટી, ભુવનેશ્વર મુકામે યોજાઈ હતી. જેમાં તેઓએ આપણી યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. તેમની આ સિધ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડૉ. ધર્મેશ પટેલ, જીમખાના સમિતિ તેમજ કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અભિનંદન પાઠવે છે.




### નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી : "૭૭ યુનિટ રકતદાન"

નવયુગ સાયન્સ કોલેજમાં તા. ૨૩/૦૧/૨૦૨૦ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા "સુરત રકતદાન કેન્દ્ર"ના સહયોગથી નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે રકતદાન શિબિરનું આયોજન થયું હતું. શિબિરમાં કોલેજના આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલ સાહેબે વિદ્યાર્થીઓને રકતદાન માટે પ્રોત્સાહિત કર્યા અને રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું. જેની ફલશ્રુતી રૂપે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કુલ ૭૭ યુનિટ રકતદાન એકત્ર કરાયું હતું. શિબિરનું વ્યવસ્થાપન પ્રોગ્રામ ઓફિસર પ્રા.પી.સી.પટેલ અને પ્રા. સંજય પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.



## સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા.

### "Homoeopathy for Female Complaints" : સેમિનાર

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા અને હોમિયોપેથીક મેડીકલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા, વ્યારા શાખા દ્વારા હોમિયોપેથીક કોલેજ, વ્યારા ખાતે તા. ૧૭–૦૧–૨૦૨૦ના શુક્રવારે "Homoeopathy for Female Complaints" વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે વડોદરાના ડૉ. સુનિલભાઈ ત્રિવેદી હાજર રહ્યાં હતાં.

આ સેમિનારમાં તૃતીય વર્ષ, ચતુર્થ વર્ષ BHMSઅને ઈન્ટર્ની વિદ્યાર્થીઓ સહિત શિક્ષક મિત્રોએ ભાગ લીધો હતો. સેમિનારના વકતા ડૉ. સુનિલભાઈ ત્રિવેદીએ એમના પોતાના કિલનિક અનુભવેલા મહિલા દર્દીઓના જુદા જુદા કેસોના માધ્યમથી જરૂરી માહિતી વિગતવાર પૂરી પાડી હતી.

સદર સેમિનારનું સંચાલન કોલેજના આચાર્યાશ્રી ડૉ.જ્યોતિબેન રાવના માર્ગદર્શન હેઠળ કમિટી ઈન્ચાર્જ ડૉ. જયંતિલાલ જે. જૈન અને ટીમે કર્યુ હતું.







### પ્રજાસત્તાક દિન : ઉજવણી



સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા તા. ૨૬/૦૧/૨૦૨૦ના રોજ ૭૧માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થી પ્રતિનિધિ માસ્ટર જૈનિશ વિરાણી દ્વારા એસ્કોર્ટીંગ કરાયા બાદ મુખ્ય અતિથિ ટ્રસ્ટી શ્રી કેયુરભાઈ શાહ (કાચવાલા) દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. સમૂહ રાષ્ટ્રગીત તથા રાષ્ટ્રગાન બાદ ટ્રસ્ટી શ્રી કેયુરભાઈ શાહ (કાચવાલા) તેમજ કોલેજના આચાર્યા શ્રીમતિ ડૉ. જ્યોતિ રાવ દ્વારા પ્રાસંગીક પ્રવચન કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થી પ્રતિનિધિ જૈનિશ વિરાણીને દેશભકિત દર્શાવતી પંકિતથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. અંતે સહુ મિઠાઈ લઈ છૂટા પડયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિ દ્વારા ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરત.

### 'સિદ્ધિ પ્રેરણા' : વકતવ્ય

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં 'સિદ્ધિ પ્રેરણા' અંતર્ગત વકતવ્યનું આયોજન થયું. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગ્ટ્ય અને પ્રાર્થના દ્વારા થઈ. ત્યારબાદ મહેમાન શ્રી ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહીલનું સ્વાગત ઈ.ચા.આચાર્યા ડૉ. નયનાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. મહેમાનશ્રીનો પરિચય ડૉ. ભાવીનાબેન દેસાઈએ આપ્યો. મહેમાનશ્રીએ સિદ્ધિ પ્રેરણા પર ખૂબ સુંદર વકતવ્ય આપ્યું. કાર્યક્રમનું સંચાલન પ્રા. સમીરાપરવીન હોટેલવાલા અને આભારવિધિ પ્રા. કલ્પનાબેન પટેલે કરી.

### વિવેકાનંદ જયંતી : ઉજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં વિવેકાનંદ જયંતીની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગ્ટ્યૂ, પ્રાર્થના દ્વારા કરવામાં આવી. તાલીમાર્થીની દ્વારા વકતવ્યો, ભજનની રજૂઆત થઈ. તેમજ વકતૃત્વ, ચાર્ટ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. ઈ.ચા.આચાર્યા ડૉ. નયનાબેન ચૌહાણે આર્શીવચન પાઠવ્યા હતા. ડૉ. ભાવિનાબેન દેસાઈએ વિવેકાનંદ વિશે પોતાના વિચારો રજૂ કર્યા. કાર્યક્રમનું સંચાલન તાલિમાર્થી એકતા અને અકુલાષે કર્યુ. આભારવિધિ તાલિમાર્થી હિનલબેને કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. ભાવિનાબેન દેસાઈ અને પ્રા. રામસિંગભાઈ ગામીતે કર્યુ હતું.

### પીએચ.ડી.



ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન વેસુ, ભરથાણા સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર યોગિતાબહેન હરિભાઈ ટંડેલે સંસ્કૃત વિષયમાં **'पंचतन्त्र'** અને **'हितोपदेश'**ની કથાઓનું એક તુલનાત્મક અધ્યયન વિષય પર તૈયાર કરેલ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ સંશોધનકાર્ય તેમણે શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડના ડૉ. હંસાબેન એ. પરમારના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ હતું.

## શ્રી પી.કે.દેસાઈ કેળવણી સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ.

### રાષ્ટ્રીય મતદાતા દિવસ : ઉજવણી



શ્રી પી.કે.દેસાઈ કેળવણી સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૦૨૦ની ઉજવણી ઉત્સાહભેર તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કરવામાં આવી હતી. મતદાતા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત કોલેજના આચાર્યશ્રી પ્રિ.ડૉ.આઈ.એમ.પટેલે સૌનું શાબ્દિક સ્વાગત કરતાં મતદાતા જાગૃતિ કાર્યક્રમનું પ્રયોજન સમજાવી ઉપસ્થિત વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, મતદાન કરવું એ ભારતના નાગરિકોની પવિત્ર ફરજ છે.

ઈલેક્ટરોલ લીટરસી કલબના નોડલ અધિકારી તેમજ સેક્ટર ઓફિસર ઓલપાડ તાલુકા શ્રી સુરેશભાઈ પટેલે સૌને મતદારયાદીમાં સુધારણા માટે કયા કયા ફોર્મ ભરવા તેમજ મતદારયાદીમાં ઓનલાઈન સુધારણા કેવી રીતે કરી શકાય તેની ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને મતદાન કરવાનો અનુરોધ કરી, તેમની શકિત રચનાત્મક કાર્યક્રમો વાળી, વિશ્વની સૌથી મોટી ભારતીય લોકશાહીને વિશ્વગુરુ બનાવવા માટે યુવાનોને હાકલ કરી હતી.

મદદનીશ મતદાન અધિકારી તેમજ મામલતદારશ્રી એન.એમ.ચૌહાણે એક પણ 'મતદાતા છૂટી જવો જોઈએ નહિ'ના સૂત્રને સાર્થક કરતાં તમામ વિદ્યાર્થીઓને મતદાન કરવાની અપીલ કરી, અન્યો સુધી મતદાન જાગૃતિનો સંદેશો પહોંચાડવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સમયનો સદ્ઉપયોગ કરી પોતાનું લક્ષ્ય નકકી કરવાની મહેનત કરવાની ઉપયોગી શીખ આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને એન.સી.સી. ઓફિસર લેફટન્ટશ્રી રાણાએ મતદારોએ લેવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

વિદ્યાર્થી નિરજ સોલંકીએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, દરેક નાગરિકનો એક એક મત કિંમતી છે માટે સૌ નાગરિકોએ મતદાન કરવું જ જોઈએ. આભારદર્શન સેક્ટર ઓફિસર પ્રા.એન.કે.રાઠોડે કર્યું હતું. રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં તાલુકા સેવા સદનના અધિકારીઓ ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારીશ્રી હિમાંશુભાઈ પટેલ તેમજ નાયબ મામલતદાર શ્રી પરભુભાઈ પટેલ તેમજ કોલેજના પ્રાધ્યાપકો, એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ તેમજ અન્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### વ્યાખ્યાન

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં સ્વર્ણિમ ગુજરાતના ઉદ્દિશા અને જ્ઞાનધારાનાં સંયુકત ઉપક્રમે એસ.વાય.બીકોમના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં શ્રી મિતાશુંભાઈએ એન.એસ.ઈ. અને સેબી વિશે માહિતી તેમજ બચતના વિષય પર વકતવ્ય રજૂ કર્યુ હતું. તેમના વકતવ્યમાં એન.એસ.ઈ. અને સેબીનો અર્થ, તેની શરૂઆત કેવી રીતે થઈ, તેના ફાયદા કોને કોને અને કેવી રીતે તેમજ બચત વિશે વિસ્તૃત ચર્ચા કરી વિદ્યાર્થીઓને તેનાથી માહિતગાર કર્યા હતા.

મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ તેમને રસપૂર્વક માણ્યાં હતા. ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું આયોજન પ્રા. પાર્થભાઈ ઠક્કરે કર્યુ હતું. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફનો સુંદર સાથ અને સહકાર મળ્યો હતો. કાર્યક્રમના અંતે પ્રા. પાર્થભાઈ ઠક્કરે સૌનો આભાર માન્યો હતો.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદ્દિશા કલબના ઉપક્રમે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તજજ્ઞ વકતા તરીકે શ્રી કેતનભાઈ જોષીએ ટી.વાય.બીકોમના વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રે કારકિર્દી/રોજગારી માટેના વિવિધ અભ્યાસક્રમો વિષય પર વિસ્તૃત માહિતી–માર્ગદર્શન પૂરાં પાડયા હતા. ઉપરાંત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં સક્રિય ભાગ લીધો હતા. ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન રાણાએ પુષ્પો વડે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મહેમાનોનો પરિચય તેમજ આભારવિધિ પ્રા.સોનલબેન એસ. વસાવાએ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૩. એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના ઉપક્રમે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી અંતગર્ત "સ્વામી વિવેકાનંદ અને યુવાનો" વિષય પર વ્યાખ્યાનનું આયોજન થયું હતું. શ્રી મુલેશભાઈ જોગીઆએ સદર વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ થયો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર યોગીનીબેન મિસ્ત્રીએ કરી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

## પ્રજાસત્તાક પર્વ : ઉજવણી

૧. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનો સંયુકત ધ્વજવંદન કાર્યક્રમ કોલેજ ગ્રાઉન્ડ પર યોજવામાં આવ્યો. બીલીમોરા વિભાગ કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, સ્ટાફ સભ્યો અને મંડળના પદાધિકારીઓ સહિત પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે સવારે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું. ત્યાર બાદ સામાજિક અગ્રણી શ્રી દિનેશભાઈ આર. પટેલના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. એમણે પોતાના વ્યકતવ્યમાં આઝાદીનું મહત્વ અને આજના સમયમાં નાગરિકોની સમાજ અને દેશ પ્રત્યેની ફરજો અને જવાબદારી વિશે મનનીય પ્રવચન આપ્યું હતું. પ્રજાસત્તાક પર્વના આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી રમેશભાઈ કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ સંકુલની વિવિધ સંસ્થાઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભારતીય વિવિધતામાં એકતાનું પ્રદર્શન કરતી સુંદર કૃતિઓ રજૂ કરી સૌને ગદ્‌ગદિત કર્યા હતા. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વર્ષ દરમ્યાન વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનના હસ્તે ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરા ખાતે સ્ટુડન્ટ કાઉન્સિલ દ્વારા થઈ રહેલ વિવિધ ડે ની ઉજવણી અંતર્ગત "ચેરિટી ડે"ની ઉજવણી કોલેજના જનરલ સેક્રેટરી કુ. રૂપલ યાદવની રાહબરી હેઠળ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં જાગ્રત થયેલ સહકાર અને પરોપકારની ઉમદા ભાવનાને કોલેજના ઈનચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી.રાણા તથા સમગ્ર સ્ટાફ સભ્યોએ વખાણી–આવકારી હતી. સમગ્ર પ્રવૃત્તિને વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફનો સુંદર સાથ અને સહકાર મળ્યો હતો.

૩. એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરા ખાતે સ્ટુડન્ટ કાઉન્સિલ દ્વારા થઈ રહેલ વિવિધ ડેની ઉજવણી અંતર્ગત "મોટીવેશન ડે"ની ઉજવણી કોલેજના જનરલ સેક્રેટરી કુ. રૂપલ યાદવની રાહબરી હેઠળ કરવામાં આવી હતી. જેમાં કેમ્પસ ડાયરેકટર શ્રી દિપેશભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને મોટીવેશન અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સહકારી વિભાગોના વિવિધ સંવર્ગો, બેકિંગ સેવાઓ, વીમા સંસ્થાઓની સેવાઓના ક્ષેત્રે સ્ટાફની ભરતી પ્રક્રિયા અંગે સચોટ અને માહિતી સભર માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ધ્યેય પસંદગી, હકારાત્મક અભિગમ, મહત્વકાંક્ષા અને સખત પરિશ્રમ વગેરે કેળવવા ઉપર ભાર મૂકયો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રા. એન.બી.સોલંકીએ કરી હતી. સમગ્ર પ્રવૃત્તિને વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફનો સુંદર સાથ અને સહકાર મળ્યો હતો.

## પુસ્તક પ્રદર્શન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય, સાહિત્ય પ્રત્યે રૂચિ જાગે, અભ્યાસક્રમ ઉપરાંત ઈતર સાહિત્યના વાંચન પ્રત્યે જાગૃતિ કેળવે એવા શુભ આશયથી પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જનરલ નોલેજ, સાહિત્ય, ડિક્સનરીઓ, કારકિર્દી માર્ગદર્શન, વ્યકિતત્વ વિકાસ, એકાઉન્ટન્સી, મેનેજમેન્ટ, અર્થશાસ્ત્ર, બેકિંગ, કાયદો, આંકડાશાસ્ત્ર, સેક્રેટેરિયલ પ્રેકટિસ વગેરે વિવિધ વિષયોના પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેનો કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

## મને ગમતું પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ, સદ્ભાવના અને સદ્વિચારથી સમૃધ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૯ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા. ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## આંતરકોલેજ સ્પર્ધા

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં આંતર કોલજ સ્પર્ધાઓનું સફળ આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ અને ત્યાર બાદ દીપ–પ્રાગટ્યથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને પ્રકાશિત બન્યું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને નિર્ણાયકશ્રીઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યા બાદ સ્પર્ધાને આગળ વધારી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉદ્ઘોષક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકીએ સેવા આપી હતી. આ સ્પર્ધાના તમામ વિજેતાઓને શ્રી દિપેશભાઈ શાહે ટ્રોફી એનાયત કરી તમામ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે શ્રીમતી વૈશાલીબેન વી. કંસારા (અંગ્રેજી એકેડમી, બીલીમોરા) અને શ્રી ઉમેશભાઈ મહેતા (ભૂતપૂર્વ આચાર્ય, જે.જે.મહેતા હાઈસ્કૂલ, બીલીમોરા)ની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ:

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧ | ઢીમર દિવ્યા બી. | શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ. |
| ૨ | રાઘડિયા હસ્તી સી. | જે.બી.ડી. આર્ટ્સ કોલેજ, સુરત. |
| ૩ | ગોંડલિયા ઝલક ડી. | વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરત. |

આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાના કન્વીનર પ્રા. યોગિનીબેન એચ. મિસ્ત્રીએ સ્પર્ધાના સંચાલનનો દોર સંભાળ્યો હતો. આંતરકોલેજ કાવ્ય પઠન સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે શ્રીમતી ગીતાબેન પટેલ (એમ.સી.ઝેડ હાઈસ્કૂલ, બીલીમોરા) અને નેહા મોહોડ (બી.એસ.પટેલ, બીલીમોરા)ની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ:

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧. | ખટોડિયા ધારા વી. | જે.બી.ધારુકાવાલા કોલેજ, સુરત. |
| ૨. | ખરોસે સ્વાતિ એ. | વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્, સુરત. |
| ૩. | પટેલ વિશ્વા કે. | વી.એસ. કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા. |

આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધાના કન્વીનર પ્રા.નિશાબેન આર. ચાવડાએ સ્પર્ધાના સંચાલનનો દોર સંભાળ્યો હતો. આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે વૈશાલીબેન ડી. ચૌહાણ અને આશિયા એમ. શેખની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ:

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧. | લાડ અનુષ્કા જી. | એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. |
| ૨. | દુધા મીઝબાહ જી. | વી.એસ.પટેલ બી.બી.એ. એન્ડ બી.સી.એ.કોલેજ, બીલીમોરા. |
| ૩. | પરમાર કોમલ ડી. | એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. |

આંતર કોલેજ મહેંદી સ્પર્ધાના કન્વીનર પ્રા.ધર્મિષ્ઠાબેન જે. ઢીમરે સ્પર્ધાના સંચાલનનો દોર સંભાળ્યો હતો. આ સ્પર્ધાના આયોજનમાં ઈન્ચાર્જ આચાર્યા વર્ષાબેન રાણાનું માર્ગદર્શન મળી રહ્યું તથા વિવિધ કોલેજના આચાર્યો અને સ્પર્ધક વિદ્યાર્થીઓ, કોલેજના સ્ટાફ મિત્રો, કોલેજની સ્ટુડન્ટ કાઉન્સિલ તથા નોન ટીચીંગ સ્ટાફ સર્વેનો સહકાર મળ્યો. પ્રા. સોનલબેન વસાવાએ આભારદર્શન કર્યુ હતું અને રાષ્ટ્રગીતના સમૂહગાનથી કાર્યક્રમનું સમાપન થયું હતું.

'દક્ષિણાયન': સરનામું

ડૉ. બી.જે.અંકુયા
તંત્રી, દક્ષિણાયન
યુનિવર્સિટી ગ્રંથાલય
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના–મગદલ્લા રોડ,
સુરત–૩૯૫૦૦૭
E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Dr. Rajendra B. Patel**
I/c. Registrar
Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University, Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in

E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com